RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 204 Date: 15.05.2024 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# સુપ્રીમ કોર્ટે PM મોદીની કથિત 'હેટ સ્પીચ' સામે દાખલ કરેલી અરજી ફગાવી



સુપ્રીમ કોર્ટે આજે ચૂંટણી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના નેતાઓના કથિત નફરત ભર્યા (hate speech)ના ભાષણો વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીઓને ફગાવી દીધી હતી. પૂર્વ અમલદાર ઈછજી શાહ અને ફાતિમા નામના અરજદારે તેમની અરજીમાં ચૂંટણી પંચને વડાપ્રધાન મોદી વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે નિર્દેશ આપવાની માંગ કરી હતી. ૨૧ એપ્રિલે રાજસ્થાન (ઇકદ્વકજં૨કહ)ના બાંસવાડામાં વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલા ચૂંટણી ભાષણ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન જસ્ટિસ વિક્રમ નાથ અને સતીશ ચંદ્ર શર્માની બેન્ચે અરજદારોના વકીલને કહ્યું કે 'આ એવો વિષય નથી કે જેના માટે સીધી સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવે. અરજદારે ચૂંટણી પંચ સમક્ષ પોતાનો અભિપ્રાય રજૂ કરવો જોઈએ. બેન્ચે આ બાબતે વિચારણા કરવાની અનિચ્છા વ્યક્ત કરી, જેના પગલે અરજદારે અરજી પાછી ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ અરજી પાછી ખેંચી લેવામાં આવી હતી.સુનાવણી દરમિયાન અરજીકર્તાના વકીલે કહ્યું, 'મેં વડાપ્રધાન મોદી દ્વારા આપવામાં આવેલા ભાષણો જોડ્યા છે, જેમાં તેમણે સ્પષ્ટપણે ભગવાનના નામ પર વોટ માંગ્યા છે.' જસ્ટિસ નાથે કહ્યું કે 'અરજદારે ચૂંટણી પંચનો સંપર્ક કર્યા વિના જ સીધો કોર્ટનો સંપર્ક કર્યો છે. આ રીતે કલમ ૩૨/૨૨૬ હેઠળ ન આવો. તમારે ઓથોરિટીનો સંપર્ક કરવો પડશે. જો તમે અરજી પાછી ખેંચવા માંગતા હોવ તો અમે તમને મંજૂરી આપીશું.'સુપ્રીમ કોર્ટની ટિપ્પણી પછી, અરજદાર અરજી પાછી ખેંચવા માટે સંમત થયા હતા. પરંતુ તેમણે ચૂંટણી પંચનો સંપર્ક કરવાની પરવાનગી માંગી હતી. આના પર કોર્ટે કહ્યું, 'અમે પરમિશન શા માટે આપીએ? આ તમારું કામ છે અને તમારી સમસ્યા છે.' આ સિવાય કોર્ટે વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર સામે કથિત નફરત ભર્યા ભાષણો બદલ કાર્યવાહી કરવા માટે ચૂંટણી પંચને નિર્દેશ આપવાની માંગ કરતી બીજી અરજીને પણ ફગાવી દીધી હતી.

## પોઈચા નજીક સુરતના ૮ પ્રવાસી નર્મદામાં ડૂબ્યા, એકને બચાવાયો, સાત લોકોની શોધખોળ ચાલુ

નર્મદા જિલ્લાના પોઈચા ગામ પાસે સ્વામિનારાયણ મંદિર તેમજ અન્ય ધાર્મિક સ્થાનોમાં દર્શન માટે આવેલા અમરેલીનાં મૂળ વતની અને હાલ સુરત રહેતા પરિવારના આઠ સભ્યો નર્મદા નદીમાં નાહવા ગયા હતા. ત્યારે તેઓ નદીના ઊંડા પાણીમાં ગરકાવ થયા હતા. જેમાંથી સ્થાનિકોએ એકને ડૂબતા બચાવ્યો હતો. જ્યારે ૭ લાપતાની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.મૂળ અમરેલીના રહેવાસી અને હાલ સુરત રહેતા પરિવાર આજે સવારે રાજપીપળા પાસે આવેલા પોઈચા ગામે સ્વામીનારાયણ મંદિર તેમજ અન્ય ધાર્મિક સ્થાનોના દર્શનાર્થે નીકળ્યા હતા. ત્યારે પોઈચા નજીક નર્મદા નદીમાં પરિવાર નાહવા ઉતર્યા હતા. આ દરમિયાન નર્મદા નદીના ઊંડા પાણીમાં પરિવારના આઠ લોકો તણાયા હતા.આ બનાવની જાણ નજીકના ગ્રામજનોને થતા તેઓએ એક વ્યક્તિને આબાદ રીતે બચાવી લીધો હતો.

## રાજધાનીમાં જ દીવા તળે અંધારું, ફક્ત ૫૫% લોકોએ જ પ્રોપર્ટી ટેક્સ ઓનલાઈન ભર્યો




ગાંધીનગરમાં પ્રોપર્ટી ટેક્સની વસૂલાત માટે ઈ નગરથી માઈક્રોટેક સોફ્ટવેરમાં સ્વિચ કરીને પણ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ડિજિટલ ક્ષેત્રે સફળતા મેળવવામાં નિષ્ફળ રહી છે. મિલકત વેરાની ૫૫% ચૂકવણી ઓનલાઈન કરાઈ હોવા છતાં અન્ય લોકો કોર્પોરેશનની વેરા વસૂલાત વિન્ડોમાં વધુ સમય લેતી પ્રક્રિયાની ફરિયાદ કરી રહ્યા છે.

એક નાગરિક દ્વારા એવો મુદ્દો ઉઠાવાયો હતો કે, બેંક ખાતામાંથી નાણાં કપાય છે પરંતુ ગાંધીનગર મહા નગરપાલિકાને મળતા નથી કારણ કે પાલિકાની પેમેન્ટ ગેટ-વે સિસ્ટમ નિષ્ફળ ગઈ છે. આથી જે કરદાતા ઓનલાઈન પેમેન્ટ કરે છે તેઓને પણ ટેક્સની બાકી રકમનો સામનો કરવો પડે છે. હવે ગાંધીનગર પાલિકા કરદાતાઓને સલાહ આપી રહી છે કે તમે ફરીથી લાઈનમાં ઊભા રહો અને પેમેન્ટ કરો. ત્યાર પછી ઓનલાઈન પેમેન્ટ સાત દિવસમાં રિફંડ કરાશે. જેથી ગાંધીનગરના તમામ કરદાતાઓએ એક જ જગ્યાએ મિલકત વેરો ભરવા માટે લાઈનમાં ઊભા રહેવું પડે છે અને ત્યાં લાંબી કતારો જોવા મળી રહી છે.આ મુદ્દામાં કોર્પોરેશનના ટેક્સ વિભાગની કચેરીએ માહિતી આપી છે કે, અમારી સિસ્ટમમાં કોઈ ટેકનિકલ સમસ્યા નથી. આ સિસ્ટમ યોગ્ય રીતે કામ કરી રહી છે. ટેક્સની ઓનલાઈન વસૂલાત માટે ૫૫% ટેક્સ પેમેન્ટ ઓનલાઈન કરાય છે અને તેની રસીદો તેમને પહોંચાડાય છે.

આ અંગે ટેક્સ ઑફિસે 'ગુજરાત સમાચાર'ને માહિતી આપી હતી કે, ગાંધીનગરમાં વિવિધ સેવા કેન્દ્ર પર ટેક્સ ચૂકવવા કુલ ૨૭ ઑફલાઈન વિન્ડો ઉપલબ્ધ છે. ગાંધીનગરમાં જૂની ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરીમાં આવી ૧૧ બારી છે અને અન્ય નવા ઉમેરાયેલા ગામડાંમાં આવેલી છે. ઓનલાઈન ટેક્સ પેમેન્ટ માટે પ્રક્રિયામાં માત્ર ત્રણ મિનિટનો સમય લાગે છે, જ્યારે કેટલીક સેકન્ડોમાં સોફ્ટવેર મિલકતના માલિક દ્વારા ચૂકવેલા ટેક્સની રસીદ જનરેટ કરે છે.

ગાંધીનગર કર વસૂલાત વિભાગ પાસે એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ના નાણાકીય વર્ષ માટે રૂ. ૮૪,૫૨,૫૬,૮૧૩ (અંદાજિત ૨ લાખ મિલકતો માટે)ની માંગ રખાઈ છે. આ દરમિયાન ૧૨ મી મે ૨૦૨૪ સુધી પ્રાપ્ત રકમ રૂ. ૨૨,૩૮,૫૪,૨૫૨ છે. ખેર, સ્માર્ટ સિટીમાં પણ કોર્પોરેશન હજુ સ્માર્ટ બન્યું નથી. ૩૧ મે ટેક્સ ભરવાની છેલ્લી તારીખ છે. ત્યારે કેટલાક નાગરિકોનો દાવો છે કે, અહીં લાઈનોમાં કેટલાક એવા પણ છે જેમની ફરિયાદો પણ સાંભળવામાં આવતી નથી. ચાર વર્ષથી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વેરા વસૂલાત માટે ઈનગર સોફ્ટવેરનો ઉપયોગ કરે છે અને નવમી એપ્રિલ ૨૦૨૪થી તેઓ ટેક્સ વસૂલાત માટે માઈક્રોટેક સોફ્ટવેરનો ઉપયોગ કરે છે. બીજી તરફ, ટેક્સ વિભાગના અધિકારીઓનો દાવો છે કે ટેક્સ કલેક્શનની સિસ્ટમમાં સર્વર ડાઉનની કોઈ સમસ્યા નથી.

## ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના સંસ્થાપક અને મેનેજીગ ટ્રસ્ટી ડો. મયુર જોષી HiRA એવોર્ડથી સન્માનિત




હેપ્પીનેસ ફાઉન્ડેશન, ત્નય યુનિવર્સિટી અને ચિરિપાલ ટ્રસ્ટ દ્વારા સંયુક્ત રીતે યુનાઈટેડ નેશન્સના હેપ્પીનેશ ઈન્ડેક્ષને ધ્યાનમાં રાખીને ઈન્ડેક્સ રેકગ્નિશન એવોર્ડ્સ ૨૦૨૪નું આયોજન અમદવાદ ખાતે કરવામાં આવ્યું. જેમાં ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના સંસ્થાપક અને મેનેજીગ ટ્રસ્ટી ડો. મયુર જોષીનું ૐઇછ એવોર્ડથી આંતરરાષ્ટ્રીય સેફ રણવીર બ્રારના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર ભારતમાંથી ૨૫ વ્યક્તિઓને ૐઇછ એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ. ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ પરિવારના માધ્યમથી ડો. મયુર જોષી ૨૭ વર્ષથી સતત ૧૧,૦૦૦ વધુ વંચિત બાળકોને વર્ષભર ચાલે તેટલી શૈક્ષણિક સામગ્રી આપીને તેઓને મૂલ્ય આધારીત શિક્ષણમાં સહ્યા કરવાની સાથે વ્યક્તિગત સ્વચ્છતા ઉપર ભાર મૂકીને શાળાલક્ષી વિવિધ કાર્યો કરવામાં આવે છે. ઉદગમ દ્વારા વિવિધ સેવા વસ્તી, સરકારી શાળા અને ગ્રામ્ય વિસ્તારની દીકરીઓ અને બેહનોને નિઃશુલ્ક સેનેટરી પેડ આપવાની સાથે વ્યક્તિગત સ્વચ્છતા અને ખાસ કરીને મેન્સ્ટુઅલ હાઈજીન મેન્ટેઈન કરવા માટે માર્ગદર્શન આપવામ આવે છે. હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતના સંવર્ધન સારું વિવિધ કાર્યો કરે છે. ખાસ વર્ષ ૨૦૧૦થી આંતરરાષ્ટ્રીય મહિલા દિને બહેનોને ઉદગમ વુમન્સ એચીવર એવોર્ડથી સનમાન કરવાનું ભગીરથ કાર્ય કરે છે. સાથોસાથ વંચિતો માટે આરોગ્ય કેમ્પ, વૃક્ષારોપણ જેવા વિવિધ કાર્યો કરીને સહુની હેપ્પીનેશ વધારવાનું કાર્ય કરી રહ્યા છે.ડો. મયુર જોષી વિવિધ રાષ્ટ્રીય સરકારી તથા આંતરરાષ્ટ્રીય બિન સરકારી સમિતિઓમા હોદેદારથી સભ્ય તરીકે કાર્ય કરવાની સાથે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની આર્થિક સમૂહની સંસ્થા સ્વદેશી જાગરણ મંચના પ્રાંત પ્રચાર પ્રમુખ તરીકે પણ સેવા આપે છે અને તેમને સ્થાનિક થી લઈને આંતરરાષ્ટ્રીય સંસ્થો તરફથી બહુવિધ પુરસ્કારો પ્રાપ્ત થયા છે.

ઉદગમ વિશે: ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ મહિલા અને બાલ કલ્યાણ જેવા અનેકવિધ ક્ષેત્રે છેલ્લા ૨૭ વર્ષથી મહિલા સશક્તિકરણ, આરોગ્ય અને સ્વચ્છતા, બેટી બચાવો- બેટી પઢાઓ, ગરીબ બાળકોના શિક્ષણ સહાય, વૃક્ષારોપણ, યુવા સશક્તિકરણ, ભારતીય શાસ્ત્રીય સંગીત પ્રચાર-પ્રસાર જેવા વિવિધ કાર્યો કરે છે.

## ક્યાંક આ મારી પહેલી અને છેલ્લી ચૂંટણી ન થાય..: કંગના રણૌતને સતાવી રહ્યો છે ભય



ભાજપના હિમાચલ પ્રદેશના મંડી લોકસભા બેઠક પર કંગના રનૌતે આજે ઉમેદવારી નોંધાવી હતી. આ દરમિયાન તેમના હિમાચલ પ્રદેશના પૂર્વ સીએમ જયરામ ઠાકુર પણ હાજર રહ્યા હતા. મંડી બેઠક પર કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જોરદાર ટક્કર જામવાની સંભાવના રહેલી છે. કારણ કે કોંગ્રેસે અહીંથી દિવંગત નેતા વીરભદ્ર સિંહના પુત્ર વિક્રમાદિત્ય સિંહને મેદાનમાં ઉતાર્યા છે.નોમિનેશન દાખલ કરતાં પહેલા કંગનાએ કહ્યું કે, મારા માટે આ સૌભાગ્યની વાત છે, કે આજે પીએમ મોદી મોટી કાશીથી ઉમેદવારી માટે ફોર્મ ભરવાના છે, જ્યારે હું નાની કાશીમાંથી ઉમેદવારી નોંધાવી રહી છું. મંડીથી ઉમેદવારી દાખલ કરતાં પહેલા કંગના રનૌતે મંડીમાં રોડ શો પણ કર્યો હતો. આ દરમિયાન જયરામ ઠાકુર તથા અન્ય ભાજપના નેતાઓ તેમના પ્રચારમાં હાજર હતા. રોડ શો દરમિયાન મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને સમર્થકો પહોંચ્યા હતા.કંગનાની ઉમેદવારી નોંધાવતી વખતે તેની માતા આશા રનૌત પણ હાજર હતી. તેમણે કહ્યું કે, અમે જ્યાં પણ ગયા છીએ ત્યાં અમને ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે કંગના માટે પ્રાર્થના કરીએ છીએ. કંગના પર એ લોકો કટાક્ષ સાથે ટીપ્પણીઓ કરી રહ્યા છે, પરંતુ તે ન તો કોંગ્રેસની મહિલા શક્તિ સારુ લાગી રહ્યું છે, અને ન તો ભાજપની મહિલા શક્તિને આ શોભી રહ્યુ છે. દરેકના ઘરમાં મહિલાઓ અને દીકરીઓ હોય છે.

## ગાંધીનગરના બિલ્ડર સાથે મિત્રતા કેળવી અમદાવાદના શખ્સે રૂ. ૫૫.૫૦ લાખની છેતરપિંડી આચરી

ગાંધીનગરના સેકટર - ૨૯ માં રહેતા બિલ્ડર સાથે મિત્રતા કેળવી વિશ્વાસ સંપાદન કરી ધંધા અર્થે લીધેલા ૫૫ લાખ ૫૦ હજાર પરત નહીં કરી અમદાવાદના શખ્સે છેતરપિંડી આચરતા સેકટર - ૨૧ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે કોરોના કાળ પહેલા લીધેલા ૫૭ લાખ ૫૦ હજારની અવેજીમાં આપેલો રૂ. ૫૫.૫૦ લાખનો ચેક રીટર્ન થતાં બિલ્ડરે કોર્ટમાં ફરિયાદ પણ કરી હતી. તેમ છતાં કોર્ટ મુદતમાં હાજર નહીં રહી અમદાવાદના શખ્સે હાથ અધ્ધર કરી લેતાં આખરે બિલ્ડરને છેતરપિંડીનો ગુનો દાખલ કરાવવાની નોબત આવી છે.ગાંધીનગરના સેકટર - ૨૯ પ્લોટ નંબર ૭૩૩/૧ માં રહેતા સાજીદભાઈ ઈકબાલભાઈ પરમાર કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરી ગુજરાન ચલાવે છે. જેમની બાજુમાં રહેતા ઈશાકભાઇ કલીમભાઇ શેખના સંબંધી અબ્દુલઅઝીમ અબ્દુલઅઝીજ શેખ (રહે. -૨૦૭ બ્લોક નંબર ઈ-૨, હીરપાર્ક સોસાયટી, નારોલ વટવા રોડ, કેનાલની પાસે, વટવા, અમદાવાદ) ઘરે આવતા જતા હતા. આમ પાડોશીનાં સંબંધીનાં નાતે સાજીદભાઈને અબ્દુલઅઝીમ સાથે મિત્રતા થઈ હતી.

ત્યારબાદ અબ્દુલઅઝીમ વ્યવસાયના કામ અર્થે સાજીદભાઈ પાસે જરૂરીયાત પડતા હાથ ઉછીના રૂપીયા રોકડમાં અવાર-નવાર લઇ જતો હતો. ત્યારે ડિસેમ્બર ૨૦૨૦ માં પણ અબ્દુલઅઝીમને પૈસાની જરુર હોવાથી સાજીદભાઈનાં ઘરે ઈશાકભાઈ કલીમભાઇ શેખ, મિત્ર સત્તારભાઇ અબ્દુલભાઇ વોરાને સાથે લઇ ગયો હતો. અને કહેલ કે ધંધા માટે આકસ્મિક ૫૭ લાખ ૫૦ હજારની જરૂરિયાત છે.

ભૂતકાળમાં અબ્દુલઅઝીમ લીધેલા પૈસા પરત કરી દેતો હોવાથી સાજીદભાઈએ વિશ્વાસ રાખી મિત્રતાના નાતે બચત અને ધંધાની આવકમાંથી તા. ૧૩ ડિસેમ્બર ૨૦૨૦ નાં રોજ ઓનલાઇન આરટીજીએસ મારફતે રૂ. ૫૭.૫૦ લાખ આપ્યા હતા. જે રૂપિયા વાયદા મુજબ નિયત સમયમાં પરત નહીં મળતા સાજીદભાઈએ વારંવાર ઉઘરાણી કરી હતી. જેનાં પગલે અબ્દુલઅઝીમે બે લાખ પરત કરી બાકીના રૂ. ૫૫.૫૦ લાખનો ચેક આપ્યો હતો.

જે ચેક બેંકમાં જમા કરાવતા ઓવરરાઇટના કારણે ચેક પરત ફર્યો હતો. જેનાં પગલે ઓગસ્ટ ૨૦૨૧ માં અબ્દુલઅઝીમે બીજો ચેક લખી આપ્યો હતો. જે ચેક પણ બેંકમાં જમા કરાવતા એકાઉન્ટ બ્લોકના શેરા સાથે પરત ફર્યો હતો. જેથી અબ્દુલઅઝીમે કોરોના અને લોકડાઉનનું કારણ દર્શાવી પૈસાની સગવડ થઈ નહી હોવાનું જણાવ્યું હતું. બાદમાં વર્ષ ૨૦૨૨ માં તેણે આપેલો અન્ય એક ચેક પણ સીગ્નેચર ડીફરના શેરા સાથે રીટર્ન થયો હતો. આમ અલગ અલગ આપેલા બધા ચેક રીટર્ન થતાં સાજીદભાઈએ કોર્ટમાં ફરિયાદ કરી હતી.

## *આજનો વિચાર*

ભગવાન ના સ્મરણમાં-ધ્યાનમાં —જે દેહભાન ભૂલે છે-તેના શરીરની કાળજી ભગવાન પોતે રાખે છે.

ભગવાન તેની પાછળ પાછળ ભમે છે કે આને દેહની જરૂર નથી પણ મને એના દેહની જરૂર છે. .

એટલે આજથી ભગવાને કહેલી બધી વાત માનવીએ જરૂરથી માનવી વહાલા ...

- MANNISH *( MINTOO )*

### તંત્રી લેખ......

# કેનેડાની સરકારે ભારતની દિગ્ગજ આઈટી કંપનીને રૂ. ૮૨ લાખની પેનલ્ટી ફટકારી

કેનેડાની સરકારે ભારતની ટોચની બીજી આઈટી કંપની ઈન્ફોસિસને ઓછો ટેક્સ ચૂકવવા પર પેનલ્ટી ફટકારી છે. કેનેડાની સરકારે ઈન્ફોસિસ પર ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના અંતે પૂર્ણ થતા વર્ષ માટે એમ્પ્લો હેલ્થ ટેક્સની ચૂકવણી ઓછી કરી હોવાનો આરોપ મૂકતાં ૧.૩૪ લાખ કેનેડિયન ડોલર (રૂ, ૮૨ લાખ) પેનલ્ટી ચૂકવવા આદેશ કર્યો છે.રેગ્યુલેટરી ફાઈલિંગમાં કંપનીએ જણાવ્યું હતું કે, ૨૦૨૦ના વર્ષ માટે એમ્પ્લોઈ હેલ્થ ટેક્સ ઓછો ચૂકવવાના આરોપસર પેનલ્ટી લાદવામાં આવી છે. જેના માટે કંપની પર ૧૩૪૮૨૨.૩૮ કેનેડિયન ડોલર પેનલ્ટી ચૂકવવા આદેશ કર્યો છે. ઈન્ફોસિસે જણાવ્યું હતું કે, તેનાથી કંપનીની નાણાકીય સ્થિતિ કે કંપની પર કોઈ અસર થશે નહીં.ઈન્ફોસિસનો શેર આજે નજીવા સુધારા સાથે ખૂલ્યા બાદ ઈન્ટ્રા ડે ઘટી ૧૪૧૮ થયો હતો. જે અંતે ૦.૧૧ ટકા સુધારા સાથે ૧૪૨૪.૮૫ પર બંધ રહ્યો હતો. વિશ્વભરમાં બિઝનેસ અને ક્લાયન્ટ્સ ધરાવતી ઈન્ફોસિસે ગત મહિને ત્રિમાસિક અને વાર્ષિક પરિણામો રજૂ કર્યા હતા. જેમાં ચોથા ત્રિમાસિકમાં કંપનીનો ચોખ્ખો નફો ૩૦ ટકા વધી રૂ. ૭૯૬૯ કરોડ નોંધાયો હતો.

કંપનીની આવક ૧.૨ ટકા વધી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઈન્ફોસિસે ૧થી ૩ ટકાનો રેવેન્યૂ ગ્રોથ રહેવાનો અંદાજ આપ્યો છે. જેની માર્કેટ કેપ ૫.૯૧ લાખ કરોડ છે.

# ૧૫ મે, "વિશ્વ પરિવાર દિવસ"



પરિવાર, જ્યાં મનને હલકું કરવા, મનને આરામ આપવા રવિને વાટ ન જોવી પડે ને એ છે પરિવાર. આ જ વાતને સાર્થક કરવા અને તેનું મહત્વ સમજાવવા દર વર્ષે "વિશ્વ પરિવાર દિવસ" મનાવવામાં આવે છે.

પરિવાર એ સૃષ્ટિનો પાયો છે. પરિવાર વગર માણસની કલ્પના પણ અધૂરી છે. કોરોનાકાળમાંથી પસાર થયા બાદ લોકોનાં જીવનમાં પરિવારનું મહત્વ વધી ગયું છે. ખરેખર તો લોકડાઉનનાં સમયમાં જ લોકોને સમજાયું હતું કે માણસ આખી જિંદગી મહેનત કરીને રહેવા માટે જે ઘર બનાવે છે, જ્યાં સંસાર વસાવે છે એમાં રહેવાનો કે ઘરનાં લોકોને સમય આપવાનો તો એમની પાસે ખરેખર વખત જ નથી હોતો. પરિવારનું મહત્વ, નવા સંકલ્પો, તેના પ્રત્યે જાગરૂકતા, અને પડકારોને રેખાંકિત કરવા માટે પરિવાર દિવસ ઉજવવામાં આવે છે. સમાજની પરિકલ્પના પરિવાર વગર અધૂરી છે અને પરિવાર બનાવવા માટે લોકોએ હળીમળીને રહેવું ખુબ જરૂરી છે. વિશાળ અર્થમાં કહીએ તો સમગ્ર વિશ્વ પણ એ પરિવાર છે. પૃથ્વી આપણા સૌ ની માતા છે અને આપણે તેનાં સંતાનો. "વસુધૈવ કુટુંબકમ"ની ભાવના વિકસાવવી ખુબ જરૂરી છે. મતભેદોને મનભેદોમાં ન પરિણમીને શાંતિ અને એકતા જાળવીને રહેવું ખુબ જરૂરી છે કારણ કે, આખરે તો સૌનો નાશ નિશ્ચિત જ છે તો પછી દેશ દેશ વચ્ચેની લડાઈઓથી આપણે શું પામી રહ્યા છીએ ? કોઈનાં પર વેર રાખીને દુશ્મનાવટ કરીને કેટલે અંશે કોઈ સુખી રહી શકે છે? આમાં અંતે તો માનવતાની હત્યા સિવાય કંઈ જ જડતું નથી.

આપણે જૂના યુગોની કે ધાર્મિક માન્યતાઓને આધારે પણ વાત કરીએ તો આજની જેમ પહેલા પણ પરિવારમાં વિખવાદ થતો હતો. રામાયણ અને મહાભારત બંનેમાં તેનાં ઉદાહરણો જોવા મળે છે, પરંતુ આધુનિક સમાજમાં પરિવારમાં વિખવાદને કારણે પરિવારનું તૂટવું સામાન્ય બની ગયું છે તો બે દેશોની તો વાત જ શું કરવી ! શાંતિ અને સમજદારીથી રહેવાથી માણસ તણાવમુક્ત રહી શકે છે અને એ દ્વારા સુંદર સૃષ્ટિનું નિર્માણ કરી શકે છે. એવા સમયમાં કોઈ એકલાપણું કે ડિપ્રેશનનો શિકાર પણ થતા નથી. જેથી સામાજિક સમસ્યાઓ પણ સર્જાતી નથી. આથી જ 'સમગ્ર વિશ્વ એક કુટુંબ છે' એ ભાવનાને હંમેશા જીવંત રાખવી જોઈએ.

મિત્તલ ખેતાણી

# ૧૫ મે, "વર્લ્ડ એથ્લેટિક્સ ડે"

આ વર્ષે ૧૫મી મેના રોજ "વર્લ્ડ એથ્લેટિક્સ ડે" ઉજવાય છે. ૨૦૦૩માં 'વર્લ્ડવાઈડ ન્યૂબી એથલેટિક ફેડરેશન' દ્વારા તેની શરૂઆત કરાઈ હતી. વર્તમાન સમયમાં બાળકો મોબાઈલની પાછળ ઘેલા થયા છે. એક સમય હતો જયારે બાળકો રસ્તા પર કબડ્ડી, ખો, ડબ્બા આઈસ પાઈસ, ગીલ્લી ડંડા, લંગડી જેવી રમતો રમતા હતા અને આજે આ જ રમતો છે પણ રસ્તા પર બાળકોની ભીડ નથી. એવું નથી કે આ બધી રમતો બાળકો આજે રમતા નથી, પરંતુ આ સિવાય પણ ઘણી રમતો તેઓ રમે છે પણ મોબાઈલમાં રમે છે એ મોટો પ્રશ્ન છે. શારીરિક શ્રમ, પરસેવો પાડવો, દોડાદોડી કરવી એ તો જાણે આજકાલનાં બાળકોને ગમતું જ નથી. શેરીની બહાર ચોકમાં જવું હોય તો પણ તે માતા પિતાને વાહનમાં મૂકી જવા કહે છે એટલું પણ તે ચાલી શકતા નથી. અહીં મોટો પ્રશ્નાર્થ એ છે કે માતા પિતા પણ બાળકોની જીદ સામે ઝુકે છે અને તેમને શારીરિક શ્રમ કરતા અટકાવે છે. કેટલાક તો વળી પોતાના બાળકને ક્રિકેટ, ફૂટબોલ, ટેનીસ કે કબડ્ડી રમીને બાળક શું કરી લેશે એમ સમજીને બાળક પર



ભણતરનો ખોટો ભાર નાખે છે.

લોકોનાં જીવનમાંથી ખેલ નીકળી ગયા છે તેના કારણે ખેલદીલીની ભાવના પણ તે શીખી કે સમજી શકતા નથી. એક બાજુ નીરજ ચોપરા, પીવી સિંધુ, રવિ કુમાર દહિયા, મીરાબાઈ ચાનુ જેવા સ્પોર્ટ્સ સ્ટાર્સ દેશ માટે ઓલોમ્પિકમાં જઈને વિવિધ મેડલ્સ લાવી રહ્યા છે તો બીજું બાજુ નવી પેઢીને રમતગમતમાં કોઈ રસ પડતો નથી અને કેટલાંક બાળકો એવા હોય છે કે જેઓ સ્પોર્ટ્સમાં આગળ વધવા માંગતા હોય છે, પરંતુ તેમને માતા પિતાનો સહકાર પ્રાપ્ત નથી થતો. આ દિશામાં લોકોએ ખરેખર જાગૃત થવું પડશે. સરકારે પણ સ્પોર્ટ્સ ક્ષેત્રે નવી યોજનાઓ ઘડીને લોકોને જાગૃત કરવા રહ્યા. રમતગમત લોકોને તનથી જ નહી મનથી પણ સ્વસ્થ રાખે છે. તેનાથી સ્વાસ્થ્ય પણ સંપૂર્ણપણે જળવાય રહે છે. વર્તમાન સમયે મેદસ્વીતાને લગતી સમસ્યાઓ સામાન્ય બની ગઈ છે ત્યારે રમતગમતના માધ્યમથી આરોગ્ય અને તંદુરસ્તી વિશે લોકોમાં જાગૃતિ લાવવાની આ ચાવી છે. આ માટે કેટલાંક પ્રયાસો કરી શકાય જેવા કે શાળા અને કોલેજોમાં રમતગમતને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો કરવા અને રમતગમતનાં કાયમી લેક્ચર્સ ગોઠવવા, વિવિધ પ્રકારનાં સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપતા કેમ્પસ સરકાર તેમજ સંસ્થાઓએ કરવા, જે બાળક આ ક્ષેત્રે આગળ વધવા માંગતું હોય તેને નાણાકીય સહાય મળી રહે તેવી યોજનાઓ ઘડવી જોઈએ જેથી દેશનું ભવિષ્ય ઉજ્જવળ બને.

મિત્તલ ખેતાણી

## ભિલોડા તાલુકાની ધોલવાણી હાઈસ્કૂલનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધાર્યું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધોલવાણી ગામની શ્રી જ્ઞાનભારતી સેવા ટ્રસ્ટ સંચાલિત માતૃશ્રી એન.આર.જોષી

વિદ્યાલય, ધોલવાણીમાં સંસ્કાર, શિસ્ત અને શિક્ષણનો સમન્વય સાચા અર્થમાં વિદ્યાર્થીઓએ સાર્થક કરી બતાવ્યો છે. ધોરણ - ૧૦ નું ૧૦૦ ટકા પરિણામ સાથે પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી જોષીયારા ઉસ્મિતકુમાર આર. ૯૫ ટકા ૨ (૯૯.૪૧ ઁ.ઇ) સાથે ભિલોડા તાલુકામાં ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.ધોરણ - ૧૨ માં ધોલવાણી હાઈસ્કૂલનું પરિણામ ૯૨.૬૦ ટકા આવેલ છે.શ્રી જ્ઞાન ભારતી સેવા ટ્રસ્ટ, ધોલવાણી - મેનેજિંગ ટ્રસ્ટી - વિનોદરાય એ. જોષી, ટ્રસ્ટીઓ, આચાર્ય યશવંતકુમાર પી. પટેલ, સ્ટાફ પરીવારે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# પ્રબીર ફાઉન્ડેશન દ્વારા મધર્સ ડેનો વૈવિધ્યસભર કાર્યક્રમ ઉજવાયો

**દિવ્યાંગોના ઉત્થાન એવમ કલાસંસ્કાર સમન્વય સાધતું પ્રબીર ફાઉન્ડેશને નવા સત્રમાં મધર્સ ડેની ઉજવણીનો સંવેદનશીલ કાર્યક્રમ અમદાવાદના શ્રી ગજાનન ઓડિટોરિયમમાં ૧૨.૫.૨૪ રવિવારે મનાવ્યો. જેમાં માતાને વંદના કરવા ગુજરાતભરના કલાકારોએ ભાગ લીધો. પ્રાસંગિક આવકાર વિધિ સંસ્થાના ટ્રસ્ટી શ્રી. તન્મય વ્યાસે કરી. માતાની ચેતના વિષયક દીર્ઘ મનનીય વક્તવ્ય વડોદરાના ઋષિ પુરૂષ મોહન ભાઈ બારોટે , ડો. અંકુર દેસાઈ તથા સંસ્થાના નિર્માતા ડો.દક્ષા બહેન ગૌરાંગ ભટ્ટે આપી સભાખંડને ભાવ વિભોર કરી દીધાં. વકતવ્યને ઓપ આપતી કવિતાઓનો પાઠ શ્રી.પ્રતાપસિંહ ડાભી હાકલ, શ્રી. રજની પટેલ, ડો.મુકેશ જોષી, શ્રી. દિલીપ ધોળકીયા, તથા શ્રી. રાજુ ભાઈ રબારીએ કર્યો. માતા લક્ષી ગુજરાતી એવમ હિન્દી ગીતોના ગાને પણ વાતાવરણને માના નાભિ સૂરથી ગૂંજતું કર્યું. જેમાં અનેક ગાયકો જેવા કે ઉર્વી વ્યાસ, દીપાલી વ્યાસ , શ્રીજલ શાહ, કલ્પેશ શાહ, સંગીતા શાહ, દીપ્તિ દેસાઈ, આશા નાણાવટી, પ્રફુલ્લ શાહ વિગેરેએ રમઝટ જમાવી. કાર્યક્રમનું વિશેષ આકર્ષણ એ હતું કે અનેક દિવ્યાંગ સંસ્થાઓની સેવીકા માતાઓને સુયોગ્ય સહાય પણ અર્પિત થઈ. નાટ્ય તેમજ ફિલ્મ ક્ષેત્રે સક્રિય એવા કલાકારો શ્રી. મહેન્દ્ર ભાઈ પંચાલ, તથા શ્રી. પ્રકાશ જોષીનું ડો.દક્ષા બહેન ભટ્ટ દ્વારા સંન્માન કરવામાં આવ્યું. અંતે આભાર વિધિમાં સંયોજક સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ"ગુરૂ"એ ડો.દક્ષા બહેન ભટ્ટ સમર્પિત એક ગઝલ ગાઈ મહેફિલનો રંગ બદલ્યો. જેનો શેર નીચે મુજબ છે**

**"ગઝલ ગાતો ફકીરી હું મળી જો હોત<br>દક્ષામા મને.<br>સદા શ્વસતો પ્રબીરી હું મળી જો હોત<br>દક્ષામા મને.**

**જશોદા મા મળી એથી થયો બેબાકળો<br>કાનો વ્રજે,<br>નહીં થાતો અધીરી હું મળી જો હોત<br>દક્ષામા મને."**

**કાર્યક્રમનું સંચાલન શ્રી. તન્મય વ્યાસે માર્મિક સંક્ષિપ્ત શૈલીમાં કર્યું. પ્રબીર ફાઉન્ડેશનનો આગામી કાર્યક્રમ ૨૩.૬.૨૪ રવિવારના રોજ અમદાવાદ ખાતે ઉજવાશે.**




# ક્રોમ્પ્ટનએ તેની વડોદરાની સવલતમાં બિલ્ટ-ઇન-કિચન એપ્લાન્યસીસ માટે નવી ઉત્પાદન લાઇનની સ્થાપના કરી

ભારતમાં અગ્રણી કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ કંપની ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિક્લ્સ લિમીટેડ (ક્રોમ્પ્ટન)એ તેની વડોદરા ખાતેની ઉત્પાદન સવલતમાં બિલ્ટ-ઈન-કિચન એપ્લાન્યસીસના ઉત્પાદન અને એસેમ્બલી ઓપરેશન્સના પ્રારંભની ઘોષણા કરી હતી.

૨૩ એકર્સમાં ફેલાયેલી આ સવલત ક્રોમ્પ્ટનના 'મેક ઈન ઈન્ડિયા'ની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે અને કંપનીને ઉપભોક્તાઓને પોતાના નવીન પ્રોડક્ટ પોર્ટફોલિયો વધુ અસરકારક રીતે પૂરો પાડવા સશક્ત બનાવે છે. આ બાબત કંપનીની ગુણવત્તા અને ઓપરેશનલ શ્રેષ્ઠતાને આગળ ધપાવવા માટે ઈન-હાઉસ ઉત્પાદન સવલતમાં રોકાણ કરવાની વ્યૂહરચના સાથે મેળ ખાય છે. અદ્યતન સવલતમાં ચડીયાતી ક્ષમતાઓ અને ડિજીટલ પ્રક્રિયાનો સમાવેશ કરાયો છે જેથી કાર્યક્ષમતા અને ગુણવત્તાને મહત્તમ બનાવી શકાય. નવી એસેમ્બલી લાઈન્સ ન્યૂનતમ ચેન્જઓવર ટાઈમ ધરાવે છે જે અંતરાયમુક્ત સંક્રાંતિને સક્ષમ બનાવે છે અને ડાઉનટાઈમને દૂર કરે છે. અદ્યતન એસેમ્બલી પ્રોસેસ અને ફીચર્સથી જેમ કે ઈન-બિલ્ટઁહ્ક-ફ્રી (ક્ષતિમુક્ત) અને ઓટોમેટેડ નિરીક્ષણ સિસ્ટમથી સજ્જ છે જેથી ઉચ્ચ ગુણવત્તા ધોરણો સુનિશ્ચિત કરી શકાય.



ઉત્પાદન માળખાને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને વડોદરા ગુજરાતમાં ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમીટેડની નેતૃત્વ ટીમની હાજરીમાં ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ.

માળખાના ઉદઘાટન સમયે બોલતા એમડી અને સીઈઓ શ્રી પ્રોમીત ઘોષએ જણાવ્યું હતુ કે, ×કિચન એ ક્રોમ્પ્ટન માટે એક વ્યૂહાત્મક જગ્યા છે અને તે અમારી ભવિષ્યની વૃદ્ધિ માટે અગત્યનું ચાલક રહેશે. વડોદરાનું માળખુ ચડીયાતી ગુણવત્તાવાળી 'મેઈડ ઈન ઈન્ડિયા' પ્રોડક્ટ્સ પ્રદાન કરવાની અમારી સ્થિતિને વધુ મજબૂત બનાવશે. નવીનતા પર ભાર મુકવાની સાથે શ્રેષ્ઠ ઉત્પાદન અને ગ્રાહક સંતોષ દ્વારા આ સવલત શ્રેષ્ઠ ગુણવત્તા અને સુંદરતા સાથે આધુનિક યુગના કિચન એપ્લાન્યસીસને લાવવામાં અગત્યનો ભાગ ભજવશે તેવો અમને આત્મવિશ્વાસ છે."

ગુણવત્તાયુક્ત ઓફરિંગ્સ પર પ્રકાશ પાડતા મેન્યુફેક્ચરીંગ, પ્લાનીગ અને લોજિસ્ટિક્સના વડા શ્રી પ્રવિણ સરાફએ જણાવ્યું હતુ કે ×અમે નવી ઉત્પાદન સવલત લોન્ચ કરતા ખુશી અનુભવીએ છીએ જે ફક્ત અમારી ઉત્પાદન ક્ષમતાઓમાં જ વધારો કરશે એટલુ જ નહી પરંતુ ગુણવત્તા અને નવીનીકરણ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પણ બળ આપશે. આ એડવાન્સ્ડ ટેકનોલોજીસનું અમલીકરણ ક્રોમ્પ્ટનની શ્રેષ્ઠ ગુણવત્તાવાળા કિચન એપ્લાન્યસીસ પૂરા પાડવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે."

બિલ્ટ-ઈન-કિચન એપ્લાન્યસીસના બિઝનેસ વડા શ્રી નિતેશ માથુરએ જણાવ્યુ હતુ કે,×ક્રોમ્પ્ટન તેના લક્ષ્યાંકિત ઉપભોક્તા સેગમેન્ટની ઊંડી સમજણ ધરાવે છે અને વિવિધ પ્રોડક્ટ રેન્જ પ્રદાન કરવા તરફે પ્રતિબદ્ધ છે. ચડીયાતી ગુણવત્તા અને અમારા સફળ બિઝનેસ મોડેલ સ્થિતિ તેમજ બિઝનેસને આગળ લઈ જવા માટે અમે અર્થપૂર્ણ મૂલ્ય દરખાસ્ત પૂરુ પાડવા પર ફોકસ ભાર મુક્યો છે. આ સવલત વધુમાં અમારી ક્ષમતે વધુ મજબૂત બનાવશે અને અમારી લાંબાગાળાની મહત્વાકાંક્ષા અનુસાર વધુ બજાર હિસ્સો મેળવવા માટે સક્ષમ બનાવશે."

ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમીટેડ પોતાના મૂલ્યવાન ઉપભોક્તાઓ, ચેનલ પાર્ટનર્સ, સપ્લાયર્સ, હિસ્સાધારકો અને રોકાણકારો સામે તેમના સતત ટેકાને લીધે આભાર વ્યક્ત કરે છે. આ નવી સવલત સાથે, ક્રોમ્પ્ટન નવીનીકરણી અને ઉચ્ચ ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ અને સેવાઓ મારફતે ગ્રાહકોની અપેક્ષાઓને પરિપૂર્ણ કરવા માટે કટિબદ્ધ છે.

ક્રોમ્પ્ટન વિશે:

૮૫ વર્ષથી વધુના બ્રાન્ડ વારસા સાથે, ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિ. એ પંખા અને રહેણાંક પંપની શ્રેણીમાં ભારતની માર્કેટ અગ્રણી છે. વર્ષોથી, સંસ્થાએ નવીન ઉત્પાદનોની શ્રેણીનું ઉત્પાદન કરવા માટે સતત પ્રયત્નો કર્યા છે, જે આધુનિક ઉપભોક્તાને પૂરી પાડે છે, જેમાં શ્રેષ્ઠ ગુણવત્તાવાળા અને ઉચ્ચ પ્રદર્શનવાળા પંખાઓ, પંપ, લાઈટિંગ સોલ્યુશન્સ અને વોટર હીટર જેવી અન્ય શ્રેણીઓનો સમાવેશ થાય છે; એર કૂલર; નાના રસોડાનાં ઉપકરણો જેમ કે મિક્સર ગ્રાઈન્ડર, એર ફ્રાયર્સ, ઓટીજી, ઈલેક્ટ્રીક કેટલ વગેરે, તેમજ અન્ય ઘરનાં ઉપકરણો જેવા કે ઈસ્ત્રી અને બિલ્ટ-ઈન રસોડાનાં ઉપકરણોનો પણ સમાવેશ થાય છે. કંપનીએ માત્ર ગ્રાહકોની જરૂરિયાતોને વધુ સારી રીતે સમજવા અને પૂરી કરવા માટે જ નહીં, પરંતુ ઊર્જા કાર્યક્ષમતા વધારવા માટે પણ બ્રાન્ડ અને નવીનતામાં રોકાણ કર્યું છે. કન્ઝ્યુમર બિઝનેસમાં પણ એક સુસ્થાપિત અને સંગઠિત વિતરણ નેટવર્ક છે જે સમગ્ર દેશમાં એક મજબૂત ડીલર બેઝ દ્વારા સંચાલિત છે જે તેના ગ્રાહકોને એક વ્યાપક સર્વિસ નેટવર્ક અને મજબૂત વેચાણ પછીની સેવા પ્રદાન કરે છે.કંપનીના સતત ફોકસ અને ઝૂંબેશે ઊર્જા-કાર્યક્ષમ ઉત્પાદનો વિકસાવવામાં મદદ કરી છે અને આ પ્રયાસોને અસંખ્ય માન્યતાઓ અને પુરસ્કારો પણ મળ્યા છે. બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી, પાવર મંત્રાલય દ્વારા તેને ત્રણ પ્રતિષ્ઠિત નેશનલ એનર્જી કન્ઝ્યુમર એવોર્ડ્સ (દ્વઈઝછ) થી સન્માનિત કરવામાં આવી છે. તાજેતરનો એવોર્ડ ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા વર્ષ ૨૦૨૩માં કંપનીના સ્ટોરેજ વોટર હીટર માટે એનાયત કરવામાં આવ્યો હતો. ૨૦૧૯માં, બ્રાન્ડે બે કેટેગરીમાં એવોર્ડ પણ જીત્યો હતો: જેમાં સીલિંગ ફેન્સ અને ન્ઈઢ બલ્બનો સમાવેશ થાય છે. વધુમાં, તેને ડેલોઈટ પ્રાઈવેટ દ્વારા ૨૦૨૨ની ભારતની શ્રેષ્ઠ સંચાલિત કંપનીઓમાંની એક તરીકે ઓળખવામાં આવી હતી અને તેને ડૂન એન્ડ બ્રેડસ્ટ્રીટ ઈન્ડિયા દ્વારા તેનું 'ભારતની ટોચની ૫૦૦ કંપનીઓ ૨૦૨૨'માં લિસ્ટીંગ કરવામાં આવ્યુ હતું. ઉઁ અને દ્વકહંકદ્વારા બહાર પાડવામાં આવેલ ૨૦૨૦ માટે ×બ્રાન્ડ ટોપ ૭૫× સૌથી મૂલ્યવાન ભારતીય બ્રાન્ડ્સની યાદીમાં પણ કંપનીને સ્થાન આપવામાં આવ્યું છે. વધુમાં, હેરાલ્ડ ગ્લોબલ અને મ્છઈઝ એશિયા દ્વારા કન્ઝ્યુમર ઈલેક્ટ્રીકલ કેટેગરીમાં ક્રોમ્પ્ટનને ૨૦૨૧ના દાયકાની બ્રાન્ડ તરીકે પણ માન્યતા આપવામાં આવી હતી

### સમસ્ત મહાજન દ્વારા અહિંસા યાત્રા શરુ :

# સાંસદો, ધારાસભ્યો, વિવિધ લોકસભાના ઉમેદવારોને રૂબરૂ મળી અહિંસા, જીવદયા પ્રવૃતિઓ અંગેનું આવેદન પાઠવાઈ રહ્યું છે

સમસ્ત મહાજન દ્વારા વિવિધ લોકસભા ચુંટણીનાં ઉમેદવારોને રૂબરૂ મળી અહિંસા, જીવદયા પ્રવૃતિઓ અંગેનું અહિંસા યાત્રાનું આવેદન પાઠવાઈ રહ્યું છે. સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશભાઈ શાહના માર્ગદર્શન મુજબ મિત્તલ ખેતાણી, ગિરીશ સત્રા યુ.પીની ત્રણ દિવસની યાત્રા પર છે તેની સાથે ગૌપ્રેમી પ્રવીણ દુબેજી તેમજ સમસ્ત મહાજનની ટીમ દ્વારા ઉત્તર પ્રદેશનાં સુલતાનપુર જિલ્લામાં પ્રસિદ્ધ પશુ પ્રેમી શ્રીમતી મેનકા સંજય ગાંધીને રૂબરૂ મળી અહિંસા યાત્રા અંતર્ગત વિસ્તૃત માહિતી અને ૮ મુદ્દાની રજૂઆત કરવામાં આવી હતી. જૈન સમાજનાં આદર્શો, ઉત્તર પ્રદેશમાં ગાયોનાં આશ્રયસ્થાનો અને ગાયોની હાલની સ્થિતિ વિશે માહિતી આપી હતી. આગામી સમયમાં તેઓ આ અંગે લોકસભામાં ચર્ચા કરશે તેવી ખાતરી આપી હતી.

અત્રે ઉલેખનીય છે કે, સમગ્ર રાષ્ટ્રનાં અલગ અલગ રાજયોમાં આ પ્રકારે સમસ્ત મહાજનની ટીમ જઈ રહી છે અને ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતનાં અલગ અલગ રાજયોમાં લોકસભા ઉમેદવારોને આ પ્રકારે આવેદન અપાઈ ગયા છે, અપાઈ રહ્યા છે. એ શ્રુંખલામાં ગુજરાત ભાજપ પ્રમુખ સી. આર પાટિલ, ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, કચ્છના ઉમેદવાર વિનોદભાઈ ચાવડા, મહેસાણાનાં ઉમેદવાર હરિભાઈ પટેલ, પાટણનાં ઉમેદવાર ડાભીજીને, દીપકભાઈ રાણપુરા દ્વારા સુરેન્દ્રનગરનાં ઉમેદવાર ચંદુભાઈ શિહોરાને, પ્રકાશભાઈ સોની દ્વારા હિંગોલી, મહારાષ્ટ્રનાં કેન્દ્રીય મંત્રી ભાગવતજી કરાડ, મહારાષ્ટ્રનાં મંત્રી ઉદયજી સામંત, માજી ખાસદર, એકટર ગોવિન્દા, લોકસભા ઉમેદવાર બાબુરાવજી કદમ, મહેન્દ્રભાઈ શેઠ કરોડા પાર્શ્વનાથ તીર્થ, ઉદયપુર, રાજસ્થાન ખાતે ચિતોડગઢ, રાજસ્થાનનાં લોકસભા ઉમેદવાર ચંદ્રપ્રકાશ જોશી, અમદાવાદ પૂર્વ લોકસભાના ઉમેદવાર શ્રી હસમુખભાઈ પટેલ, અમદાવાદ પશ્ચિમ લોકસભાના દિનેશભાઈ મકવાણા, ખેડાના લોકસભાના ઉમેદવાર દેવુસિંહ ચૌહાણ, વડોદરા લોકસભાના ઉમેદવાર ડૉ હેમાંગભાઈ જોશી, ભરૂચ લોકસભાના ઉમેદવાર મનસુખભાઈ વસાવા, બારડોલી લોકસભાના ઉમેદવાર પ્રભુભાઈ વસાવા અને સુરત લોકસભાના ઉમેદવાર મુકેશભાઈ દલાલ સહિતનાઓને મળી અહિંસા યાત્રાનું આવેદન પાઠવવામાં આવ્યું હતું.

લોકસભાની ચુંટણી ચાલી રહી છે ત્યારે ઉમેદવારો પાસે લોકોને અબોલ પશુ, પક્ષી , જળ ,જંગલ અને સમગ્ર પર્યાવરણની સુરક્ષા માટે માગણી કરવા અને આ માટે વચન માગવા સમસ્ત મહાજન દ્વારા અહીંસા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા દરમિયાન જીવંત પ્રાણીઓ - પક્ષીઓની નિકાસ અટકાવી, કુદરતી ખેતી માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા, નદીઓ, નાળાઓ અને તળાવોનું સુરક્ષા કરવી જેથી પાણીનું રક્ષણ થાય, દેશી વૃક્ષો જ વાવવા સહિતની માગણી કરી અને આ બાબતે ઉમેદવારો પાસેથી વચન લેવા અપીલ કરવામાં આવે છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No.167***

★વિષય:-"રાત પછી એક સવાર"★
★શિર્ષક;.★સવાર ઝૂમતી જિંદગી સાથે★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૧૪૮★

અવનિ પર, ધીરે, ધીરે વીતી રાત્રી ,.... ને
મળસ્કે, કલરવ કરતી આવી એક સવાર
ને.... આવી તે દોડતી, હસતી
ને..... દેતી ટકોરા બારણે
દ્વાર ખોલી જોયું, તો સામે ઝુમતી જિંદગી.

આંખોમાં હતું અચરજ,
સાથે તે લાવી નવ પાના,....
મેં પૂછ્યું આ શું?.....
તો... કહે.... ભેટ તારી.

પ્રથમ પાનું, મને પ્રેમથી આવકારવું
બીજું પાનું, દરેક પાસાને સ્વીકારવું
ત્રીજું પાનું, હકાર ના અભિગમથી જોવું
ચોથું પાનું, આત્મીયતાથી બધાંને ચાહવું
પાંચમું પાનું, પોતાનાથી પોતાને ગમવું
છઠ્ઠું પાનું, ઈચ્છા ને જાણી,... પામવું
સાતમું પાનું, મને.. જિંદગી...ને સમજવું
આઠમું પાનું, સપ્રેમ દરેકને નિભાવવું
અને.........
નવમું પાનું, જે ખૂબ અઘરું અને અગત્યનું છે
કે...... જિંદગીમાં, સારી,નરસી, ગમતી, અણગમતી,
સુખ, દુઃખ અને દરેક બાબતને પોતાનામાં સમાવવું

અરે! તું જિંદગી છે, કે જિંદગીની પાઠશાળા
બસ, આજ છે, રહસ્ય....જિંદગીનું
મેં, દ્વાર ખોલ્યું, અંદર આવી જિંદગી.

★નરેન્દ્ર ત્રિવેદી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 161**

વિષય: રાત પછી એક સવાર
શિર્ષક: અધૂરી ઈચ્છા
પ્રકાર : ગદ્ય : એકપાત્રીય નાટક ...શબ્દો: ૪૧૨

ચએક છોકરી કબર પર ફુલ ચઢાવવાં આવે છે અને પછી ખૂબ રડે છે. કબર પર પોતાનો હાથ ફેરવે છે, ત્યારે જ કબરમાંથી એક આવાજ આવે છે;

"આત્માની તાકાતનો થોડો પણ અંદાજ છે તને મારી દોસ્ત? સોગંદ છે તને કે તું હવે મારી કબર પર ના આવ્યા કર! આ ફુલ ના ચઢાવ્યા કર! તકલીફ થાય છે મને! તારા ચઢાવેલા ફુલ હંમેશા તાજા જ રહે છે કારણકે તારા આ આંસુનુ પાણી તું પીવડાવ્યા જ કરે છે. એમાંથી સુગંધ પણ એવી આવે છે કે ફરીથી જીવિત થવાનું મન થઈ જાય છે યાર! આપણી અધુરી ઈચ્છાઓને હું પુરી ના કરી શક્યો પરંતુ તારું જીવન સ્મશાનવત્ બનાવી દેવુ પણ મારા માટે શક્ય નથી. હું શ્વાસ લીધા વગર પણ તારી તકલીફ સમજી શકું છું. આટલો બધો પ્રેમ કરીશ મને તો ફરીથી જીવવાનું મન થઈ જશે સમજી? મેં ભલે આત્મહત્યા કરી પણ? હું તો? હંમેશા આ કહેવાતા દંભી સમાજને મારો કાતિલ જ ગણીશ.

જાણતો હતો કે આ દુનિયાને આપણો પ્રેમ નહીં જ ગમે. તો મેં તો મારી જાન જાતે જ લઈ લીધી. તને પોતાની જાન હથેલી પર રાખીને, જીવનમાં તડપતી રાખીને ત્યાં જ છોડી દીધી. સાથે જીવવા- મરવાના સોગંદ લીધા હતા આપણે પણ?, ના તો આપણે સાથે જીવી શક્યા કે ના તો સાથે મરી શક્યા! આપણા આ સોગંદની દુનિયામાં કોઈને ચિંતા ના હતી.વિચાર્યુ હતું કે બીજાં જનમમાં મળીશું. આજે પણ હું મારી કબરમાં મારા બે હાથ ફેલાવીને જ સૂતો છું. તને ખબર નહીં હોય, પણ એકવાર હું તને મળવા ફરીથી આવ્યો હતો. તારા ખોળામાં નાનકડું બાળક રમતું હતું. અને મને સમજતાં વાર ના લાગી કે એ તો આપણું બાળક હતું. તે મારી સાથે મરવાના સોગંદ કેમ તોડી નાખ્યાં 'તા! તે હું સમજી ગયો. આટલું જોઈને મારી કબરમાં પાછો આવીને સૂઈ ગયો હતો.

જો મારી કબર પર તારે આવવું હોય તો એક પણ? આંસૂ ના વહેવડાવીશ. નથી જોઈતી મારે આ ફૂલો ની તાજી સુગંધ. મારા શરીરના બધાં જ શ્વાસ મેં આપણા બાળકને આપી દીધાં છે. મે અહીં હવે મરવાનું શીખી લીધું છે. તુ પણ હવે ત્યાં જીવવાનું શીખી જા . જીવવાનું શીખી જા. જીવવાનું શીખી જા! મારા માટે તો શું રાત ને શું ને સવાર? પણ તારી દુનિયામાં હવે હંમેશા સવાર જ પડતી રહે એવી મારી શુભેચ્છાઓ છે. અત્યાર સુધી તે દુઃખ ભરી રાત જ વિતાવી છે પણ આવતી કાલથી તારા માટે એક નવી જ સવાર ઊગશે જેમાં હું નહીં હોઉં આપણી આ નાનકડી બાળકીના રુમઝુમ છતાં પગલાં તારા માટે એક નવી જ સવારનો સંચય કરશે. અલવિદા. હવે હું તારો ભૂતકાળ બનીને ક્યારેય નહીં આવું"

અને પડદો પડે છે. આખો હૉલ તાળીઓની ગૂંજથી ભરાઈ જાય છે. અસ્તુ!
००००००ગ્રીષ્મા પંડ્યા ०००००

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**

વિષય:- "સાંજ પછી રાત"
શિર્ષક:- "સાંજ અને રાતની મહેફિલ"
પ્રકાર :- પદ્ય. શબ્દો:- ૧૨૨

બહુંજ જલ્દી આજે સાંજની શરૂઆત થઈ ગઈ,
રંગબેરંગી વાદળાઓની સુંદર જમાવટ થઈ ગઈ,
હું તો મગ્ન બની ગયો હતો આ લહેરાતાં સમિરમાં,
એટલામાં મને ઘરે જવાની યાદ પણ વિસરાઈ ગઈ.

થોડીવારમાં તારાઓની વણઝાર પણ આવી ગઈ,
તારાઓનાં ચમકારાથી મારી આંખો અંજાઈ ગઈ,
હું તો બેસી ગયો તારાઓ સંગે રંગીલી મહેફિલમાં,
એટલામાં જ મારી પ્રિયતમાની મને યાદ આવી ગઈ.

રૂમઝૂમ કરતી મલકાતી રાતની સવારી આવી ગઈ,
મધુર રાતની રંગત મારા મનને મદહોંશ બનાવી ગઈ,
હું તો ઝાંખી રહ્યો હતો આ ખીલેલા પૂનમનાં ચંદ્રમાં,
ચંદ્રમાં મારી પ્રિયતમાની તસ્વીરની ઝાંખી થઈ ગઈ.

પ્રિયતમાની તસ્વીર મારા રોમ રોમને લહેરાવી ગઈ,
અધૂરૂ મિલન પૂર્ણ કરવાની આજે વેળા આવી ગઈ,
હું તો ડૂબી ગયો હતો તેના મિલનના વિચારમાં "મુરલી",
ત્યાં તો ચંદ્રમાંથી કૂદીને તે મારા દિલમાં સમાઈ ગઈ.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153**

વિષય:" સવાર પછી સાંજ"
શીર્ષક:"તમારાં જન્મ થી પપ્પા નાં મૃત્યુ સુધી ".
પ્રકાર:ગધ્ય. શબ્દો:૩૪૬

"સવાર પછી સાંજ"પડી જાય ત્યાં સુધી ઘર ની બહાર રહેતું એક માત્ર પાત્ર એટલે પપ્પા,પપ્પા એટલે પરિવારનું એક એવું સભ્ય જે પરિવાર સાથે સૌથી ઓછો સમય ગાળે છે. દરેક તહેવાર અને પ્રસંગમાં ઘરમાં સૌથી છેલ્લી એન્ટ્રી થાય એ પપ્પા. શિયાળા ની કડકડતી ઠંડી, ઉનાળા નો ધોમધકતો તાપ અને ભર ચોમાસા નો ધોધમાર વરસાદ જેને ડંખતો નથી તે પપ્પા.જોકરનું પાનું એટલે પપ્પા,જે તમારી જિંદગી નાં ગંજીફા માં ગમે ત્યાં ઉપયોગમાં લઈ શકાય. એની મજબૂત ભુજાઓમાં આખું ઘર હુંફ અને સલામતી અનુભવે છે.

પપ્પા એટલે પીપળાનું વૃક્ષ, સૌથી વધુ ઓક્સિજન આપે , છતાં ઘરના આંગણામાં એને ભાગ્યે જ સ્થાન મળે. એમનાં ઘરમાં પગ મૂકતાં જ ઘર નાં બધાં ની ઈચ્છાઓ અને ફરિયાદોનું સાંભળે એ પપ્પા. દીકરીના માથા પર હાથ ફેરવવા માટે જેને સવાર થી સાંજ વાટ જોવી પડે, અને દીકરીની વિદાય વખતે પણ જેને શોધવા જવા પડે એ પપ્પા.પપ્પાની કિંમત આપણે રોજ નથી કરતા. એ દોડ્યા કરે છે એટલે એના તરફ ધ્યાન નથી જતું.તેને કારણે એમનાં આંખ,કાન અને પગ સમય કરતા વહેલાં નકામા થઈ જાય છે.કેટલાયે હરતા ફરતા પપ્પા સવારે ઉઠતાં નથી ત્યારે એની સાથે ઘણી વાતો કરવાની રહી જ જાય છે. એનાં શાંત મૃત્યુ પાછળ કેટલાય ઘોંઘાટ જવાબદાર હશે એની શી ખબર?

પપ્પા એટલે દીકરાને નોકરી ન મળે અને દીકરીને સારું સાસરું ન મળે ત્યાં સુધી મનમાં ને મનમાં મૂંઝાતા અને છતાં બહારથી હિંમત આપતા રહેતા એવા આ વડીલ નાં જીવન માં દીકરી સાસરે જાય ત્યારે પાનખર બેસી જાય છે.

પપ્પા.. જેના ખભ્ભે બેસીને મેળો પણ જોઈ શકાય અને શેરબજારમાં ડૂબી જઈએ તો જેના ખભ્ભે રડી પણ શકાય. પપ્પા એટલે કે તમારાં જન્મ થી તેમનાં "હે રામ"સુધીની એવી યાત્રા જે યાત્રાનું મૂલ્ય એના અંતિમ વિસામા પછી જ આંકી શકાય. જે પપ્પા આખી જિંદગી શું કર્યા કરતા હતા એ ખબર ન હોય એની અંતિમ યાત્રામાં એની પાછળ આવતી ગાડીઓની લાઈન જોઈને ખબર પડે કે પપ્પા આખી જિંદગી બોલ્યાં વગર કંઈ કેટલુંય કરતા રહ્યા હશે!!!

પપ્પાપ તમે ઘરની એવી વ્યક્તિ
આભાર - નિહારીકા રવિયા છો જેની આંખોએ ચોક્કસ ઉજાગરા વેઠ્યા છે જેથી અમે શાંતિની નિંદર માણી રહ્યા છીએ.
લેખકનું નામ: જિતેન્દ્ર શાહ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:158**

વિષય:-રાત પછી એક સવાર
શિર્ષક: કુદરત તણો છે ઘટનાક્રમ
પ્રકાર:- પદ્ય શબ્દ:-૧૦૫

રાત પછી સવાર,સવાર પછી રાત,
દુઃખ પછી સુખ,ને સુખ પછી દુઃખ.
કુદરત તણો છે ઘટનાક્રમ!

સુખ દુઃખ,તડકો છાંયો, સૂર્ય ઊગેને થાય આસ્ત, થાય ઋતુ તણું પરિવર્તન.
કુદરત તણો છે ઘટનાક્રમ!

દુઃખમાં ન વલખીએ, સુખમાં ન છલકીએ
દુઃખ હોય કે હોય સુખ, સુખ દુઃખમાં રહે સમ.
કુદરત તણો છે ઘટનાક્રમ!

જેવું કરો તેવું પામો,
જેવું કરો તેવું ભરો,
કર્મ બંધન છે સાર
કુદરત તણો છે ઘટનાક્રમ!

કર્મ થકી મનુષ્ય મહાન, કર્મ થકી સારાં જહાન,
જેવા કરો કર્મ, એવું મળે કર્મફળ.
કુદરત તણો છે ઘટનાક્રમ!

'પ્રેમ' અનંતનો પણ છે અંત,
કાંઈ નથી અનંત,
પાનખરને જે ઝીલે,
એ વસંતની મજા માણે,
કુદરત તણો છે ઘટનાક્રમ!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.173.**

વિષય -" સવાર પછી સાંજ"
પ્રકાર - પદ્ય
શબ્દ -૭૫.
નામ- ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'

અટકાવ તું ભલે ને તો પણ ધરાર થાશે,
આંખોની જેલ તોડી આંસુ ફરાર થાશે.
અહીં તો દિવસે પણ અંધારપટ છવાયું,
કોઈ કહો ખરેખર ક્યારે સવાર થાશે?
સમજાવ સ્હેજ એને છેટાં રહે નહીંતર,
બુરા વિચારો મારાં હાથેથી ઠાર થાશે.
વૃક્ષોની જેમ જીવન જીવવાનું છે, અડીખમ
વરસાદ, ટાઢ, તડકો સઘળું પસાર થાશે.
પંખીની જેમ હું પણ બેસીશ એની માથે,
સવાર ની જ્યારે
સાંજ થાશે .
સંજોગ ત્યારે વીજળીનો તાર થાશે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**

પ્રકાર - પદ્ય શબ્દ -૧૨૭
વિષય : સવાર....સાંજ...

સવારે ઉઠ્યા તો સાંજે સુવાની કોઈ ગેરંટી નહી,
ને રાત્રે સૂતા તો સવારે ઉઠવાની કોઈ ગેરંટી નહી.

જોઈ લેજો આંખો ભરી ને પલક ઝપક્યા વિના,
હમણાં મળ્યાને હવે પછી મળીશે કોઈ ગેરંટી નહી.

આપણું આયોજન તો છે આખુ આયખુ જીવવાનું,
એક પલમાં આવરદા પુરી પણ,થાય કોઈ ગેરંટી નહી.

ભાગી ભાગી ને ભલે ભેગુ કર્યું હોય જીંદગી આખી,
પરંતુ એ ભોગવવા મળશે કે નહી કોઈ ગેરંટી નહી.

નાગ થઈ ને ભલે બેઠા હો ચલણી નોટ પર ફેણ માંડી,
આજે ચલણમાં છે ને કાલે પણ હશે,કોઈ ગેરંટી નહી.

જીંદગી તો એક કાચનું વાસણ છે સંભાળજો જરા,
અધવચ્ચે ફુટી જશે કે આખું રહેશે, કોઈ ગેરંટી નહી.

ગેરંટી વગર કોઈ વસ્તુ ને હાથ ના લગાડતા હો ભલે,
"મિત્ર "એની ગેરંટી સુધી જીવશું એની કોઈ ગેરંટી નહી.

વિનોદ સોલંકી " મિત્ર "

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S:168**

વિષય: રાત પછી એક સવાર
શીર્ષક: તું અદભુત રચનાકાર છું.
શબ્દો:૨૧૬
પ્રકાર: પદ્ય

તું અદભુત રચનાકાર છું
હે પ્રભુ તારી લીલા અને રચના અપરંપાર છે,
ન જાણી શકશે મનુષ્ય આજનું,
...........ન જાણી શકશે કાલનું
સુઈ જવા શાંતિ કાજે રાતની રચના તે કરી છે...
જાગવા કાજે સવારની રચના તે અદભુત કરી છે,
ટેન્શન ફ્રી કાજે રાતની રચના......
અને આનંદ મસ્તી કાજે સવારની રચના તે કરી છે
સવાર થતા પરોડીએ પંખીઓ ગગન વિહાર કરે,
તો તે સૌ પ્રાણી કાજે અદભુત રચના કરી છે..
?? ? રાત પછી એક સવાર,
સુઈ જાઓ અને જાગી જાઓ...
તારા ઘડિયાળ ના ટકોરે મનુષ્ય પ્રકૃતિ સાથે-
......... મનુષ્ય કામ કરે
અને મનુષ્ય જીવ આત્માઓ પરોડીએ સૌ સૌના-
અર્થ ઉપાર્જનએ કામે લાગી જાય....
સો પ્રાણી આત્મા પર તે.. વરદાનની વર્ષા કરી છે,
બ્રહ્માંડની રચના કરી તું ખગોળ શાસ્ત્રી બન્યો,
ચાંદ સુરજ તારા ગ્રહો ની રચના તે કરી છે, સૌ સમયે સમયે પોતાની મસ્તીમાં આજે કાર્યરત છે,
આદિ અનાદિ મધ્ય, ડ્રામા નું જ્ઞાન તું ધરાવે છે.
સોનુ જતન કરે તું, જગાડે અને સુવાડે છે,
સુરજ ચાંદની રચના તે અદભુત કરી છે,
આખા વિશ્વ માટે ખૂણે ખૂણે તે કાર્યરત છે,
જો તું ના હોત તો પ્રભુ....
એક મોટી વિડંબણા થાત..!?
ક્યારે સુઈ જવું અને ક્યારે જાગવું,
એક પ્રશ્નાર્થ હોત..!?
ધન્ય છે પ્રભુ.., તે અમારા કાજે ચિંતા કરી,
પ્રકૃતિની રચના કરી...
અમજીવ આત્માને ભેટ ધરી છે,
..... રાત પછી એક સવારનો ઉત્સવ
ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' ઉદયપુર રાજસ્થાન

# માવતર કમાવતર થયા. હળાહળ કળજુગ તે આનું નામ!

રાજકારણમાં સાર પણ છે.રાજકારણમાં અસાર પણ છે. અરે, આવું કેવી રીતે હોઈ શકે એવો સવાલ થાય. આવો સવાલ થાય કે નહીં? જે લોકોનું કિસ્મત પ્રબળ હોય તેને ચૂંટણી લડવા માટે ટિકિટ મળે ,તેના માટે સબ ચંગાસી. તેમને માટે લાઈફ બલ્લે બલ્લે બની રહે છે. ચૂંટણી જીતો એટલે એક પેઢી નહીં પણ સાત પેઢીનું દળદર ફીટી જાય. બધી આંગળી ઘીમાં.સતા, સંપતિ, સિધ્ધિ એના ચરણોમાં લોટપોટ થાય.જો કે, કોઈ હોબાળા કે આંતરિક વિરોધના કારણે પાર્ટી ટિકિટ પરત લઈ લે એટલે એનું કિસ્મત ફૂટી જાય.વિરોધ કે હાઈ કમાન્ડના ઓર્ડરથી ચૂંટણી ન લડનારો અંગત કે તબિયતના કારણે ચૂંટણી લડવા ઈચ્છતો નથી તેવા નિવેદન કકળતા કલેજે કરે છે!
રાજકારણમાં આખા રૂપિયાને પાર્ટી ટિકિટ આપે તે વાત સમજી શકાય. પરંતું, હવે ચવન્ની કે અઠન્નીને ટિકિટ મળે એ કોઈ પણ એંગલથી સમજી શકાય નહીં તેવી ઘટના છે.
લોકસભાની આ ચૂંટણી એ છેલ્લી ચૂંટણી છે અને હવે બંધારણ બદલવામાં આવશે અને રશિયાના પુતિનની જેમ આપખુદ કે સરમુખત્યારશાહીના મંડાણ થશે એવા ગપગોળા ચાલે છે.જો કે, શાસકપક્ષના વીએચપી એટલે વેરી હરખપદૂડા સંસદસભ્યો અબ કી બાર ચારસો પાર થાય એટલે બંધારણ બદલી નાંખવામાં આવશે તેવું ગાઈ વગાડીને કહે છે!
આ ચૂંટણી બાપબેટા માટે ભારે છે તેમ અમારો રાજુ રદી કહે છે. યશવંતસિંહા નામના નાણામંત્રી હતા. તેમની ઉંમર એંસી પ્લસ છે. સિનિયર સિંહા સાહેબ રિટાયર થવાના મુડમાં નથી. એમનો બાંસઠ વર્ષીય પુત્ર જયંત સિંહા રાજકારણથી વાજ આવી ગયો છે. જયંત સિંહાએ ચૂંટણી ન લડવાની જાહેરાત કરી છે. જો કે જયંતસિંહા પિતાજીનો ચૂંટણી પ્રચાર કરશે કે કેમ તે સ્પષ્ટ થયું નથી!
બધા પિતાપત્ર યશવંતસિંહા-જયંતસિંહા જેટલા નસીબદાર હોતા નથી.ઓરિસ્સામાં સુરેશ રાઉતરાય નામના વિધાયક સાહેબ છે. રાઉતરાય કોંગ્રેસના ધારાસભ્ય છે. સુરેશ રાઉતરાયનો પુત્ર ભુવનેશ્વર લોકસભાની સીટ પરથી નસીબ અજમાવી રહ્યો છે? પિતા પુત્રનો પ્રચાર ન કરે તેવું બને ખરૂં? બાપ-બેટા વચ્ચે અબોલા હોય તો પણ બાપ ગિલાશિકવા ભૂલીને હમ સાથ સાથ હૈની ઈસ્ટાઈલથી પ્રચાર કરે.સુરેશ રાઉતરાય ગાય છે કે પાપા કહેતે હૈ બડા કામ કરેગા, બેટા હમારા સાંસદ બનેગા .મિંયાબીબી રાજી તો કયાં કરે કાજી એમ કહેવાય છે. સુરેશ રાઉતરાય અને મનમથરાય એટલે કે પિતાપુત્ર હમ હોંગે કામિયાબ કહી રહ્યા છે. તો કોંગ્રેસ નામના કાજી આડા ફાટ્યા છે. કેમ કે મન્મથ બીજેડી પાર્ટી તરફથી ચૂંટણી લડે છે. એટલે કોંગ્રેસ કાજીએ સુરેશ રાઉતરાયને શિસ્તભંગની નોટીસ પકડાવી છે!સાલું પ્યાર મહોબ્બત ઈશ્કનો જમાનો રહ્યો નથી. મહોબ્બતની દુકાન ખોલવાનો દાવો કરનાર બાપબેટાના વાત્સલ્ય સામે ચીનની દિવાલ ઉભી કરી રહ્યા છે!
બીજો કિસ્સો વેરી વેરી ઈન્સ્ટ્રેસ્ટિંગ છેચિંતામણી જ્ઞાન સામંતે સ્નમાનીય નેતા છે. સામંતે સાહેબે ઓરિસ્સા વિધાનસભાના સ્પીકરદને શોભાવેલ છે. સામંતે સાહેબને રામલખન કે બલરામ-કૃષ્ણ જેવા પુત્રોની જોડી છે. દશરથરાજા ભાગ્યશાળી હતા કે રામલખનને અલગ અલગ પાર્ટીમાંથી ચૂંટણી લડવાની ન હતી. નહીંતર દશરથરાજા કોનો પ્રચાર કરે અને કોનો ન કરે?સામંતે પરિવાર પક્ષાપક્ષીથી પર રહી સ્વવિકાસ મારફત સમસ્તિવિકાસની ઉચ્ચતમ ભાવનાને વરેલું છે. તમે પૂછશો કેવી રીતે ? વેરી સિમ્પલ! એમનો મોટા પુત્ર રવિન્દ્રનાથ કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર અને નાનો પુત્ર મનોરંજન ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણીમાં ભાગ્ય અજમાવી રહ્યા છે. સામંતે સાહેબે પુત્રોના પ્રચારમાં કોંગ્રેસ અગર તો બીજેપીનો ભાંગરો વાટવો પડે. કરે તો કયા કરે? એવી મૂંઝવણ સામંતે સાહેબ અનુભવી રહ્યા છે! કેમ કે, આગળ કૂવો અને પાછળ ખાઈ છે! બીજેપીનો પ્રચાર કરે તો રવિન્દ્રનાથ અને ખુદ ગબ્બરને કોંગ્રેસ કીકઆઉટ કરે અને મનોરંજનનો પ્રચાર ન કરે તો મનોરંજન પરાજયના તાપપ્રતાપથી મુરઝાઈ જાય!
ત્રીજો કિસ્સો પણ ઓછો રોચક નથી હોય કે!
ઓરિસ્સાના બિજોય પાત્રા બીજેપી નેતા છે. એમનો પુત્ર પાત્રા પૂર્વ મંત્રી પણ છે.પાત્રાનો પુત્ર અરવિંદ બીજેડીમાંથી પાટકુરા વિધાનસભા સીટ લડી રહ્યો છે. સિનિયર પાત્રા પાર્ટી લાઈનની ઐસીતૈસી કરી પુત્રનો પ્રચાર કરી રહ્યા છે. જેને પૌરાણિક ભાષામાં ધૃતરાષ્ટ્રત્વ કહેવાય છે!
છેલ્લો કિસ્સો તો બધાનો બાપ છે. રાજકારણમાં લાલપ્રસાદ-તેજસ્વી, દેવીલાલ અજય ચોટેલાં, ફારુકઅબ્દુલા-ઓમર અબ્દુલા,દૈવગૌડા-કુમારસ્વામી, પ્રેમકુમાર ધુમ્મલ-અનુરાગ ઠાકુર માધવરાય સિંધયા-જયોતિરાદિત્ય સિંધિયા બાપબેટાની જોડી છે.
એ. કે એન્ટની પૂર્વ સંરક્ષણમંત્રી હતા. તેની કફની પર કરપ્શનનો ડાઘ નથી. જો કે એક વોશિંગ પાવડર કંપની દાગ અચ્છે હૈ તેવી જાહેરાત કરે છે.એન્ટની કસાયેલા અને કદાવર નેતા છે. એન્ટની નો પુત્ર અનિલ એન્ટની ભાજપની ટિકિટ પરથી પથાનમથિટા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યો છે. એન્ટનીને વિપક્ષના વાડામાંથી ભાજપ નેતા ખરીદ કરે તેની સામે સખ્ખત વિરોધ છે. સિનિયર એન્ટની અનિલનો પ્રચાર કરતા નથી. પરંતું, મતદારોનો સંપર્ક કરી અનિલને હરાવવા હાર્દિક અપીલ કે અનુરોધ કરે છે!અનિલ વિરુદ્ધ કાર્યવાહી કરતા પિતા સિનિયર એન્ટની માટે જુનિયર એનિટનીને સહાનુભૂતિ છે. ચૂંટણીએ ધર્મયુદ્ધ છે કે કેમ તેની ખબર નથી. પરંતું પિતાપુત્રો માટે કુસ્તીનું કુરુક્ષેત્ર કે રાજસંકટ બની ગયું છે. એની ડાઉટ એબાઉટ ઈટ?
એન્ટની સાહેબ પુત્ર એ પુત્ર છે અને પાર્ટી એ પાર્ટી છે. તમે માંદા પડશો તો પુત્ર પાણીનો ગ્લાસ આપશે. તમે ચાલી નહીં શકો ત્યારે ઘડપણની લાકડી બનશે. તમે મરણ પામશો તો દફન કરશે. આ કામ પાર્ટી નહીં કરો તો પછી પુત્ર સાથે શું કામ વેર બાંધો છો?
છોરું કછોરું થાય, કિન્તું, માવતર કમાવતર ન થાય એવું આપણે ત્યાં કહેવામાં આવે છે. લોકસભાની ચૂંટણીએ એન્ટેની સાહેબને કમાવતર કરી દીધા. હળાહળ કળજુગ તે આવું નામ બીજું શું?
ભરત વૈષ્ણવ

## ગાંધીનગર સેક્ટર-૨૫ માં આવેલ

# શ્રી વેદ ઇન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થીની રાઠોડ આરાધનાબા ભરતસિંહ ૬૧૧/૬૫૦ માર્ક્સ મેળવી સમગ્ર ગાંધીનગર જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે




ગાંધીનગર, બુધવારે જાહેર થયેલ બોર્ડના વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં (૧) માણસા તાલુકાના અલુવા ગામની વિદ્યાર્થીની રાઠોડ આરાધનાબા ભરતસિંહ ૧૨-સાયન્સમાં ૬૫૦ માર્ક્સમાંથી ૬૧૧ માર્ક્સ મેળવી છ૧ ગ્રેડ સાથે ૯૯.૯૪ૈંઈ પ્રાપ્ત કરી ૯૪% સાથે સમગ્ર ગાંધીનગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે જેમનું સપનું સ્મ્જી કરીને લોકોની સેવા કરવાનું છે. (૨) રાધનપુરનો વિદ્યાર્થી નાનેચા સ્મિત મહેશકુમાર સ્કૂલની હોસ્ટેલમાં રહીને ૯૯ૈંઈ મેળવેલ છે. (૩). ઝાલોદ ની વિદ્યાર્થીની પટેલ ધારા ભરતભાઈ સ્કૂલની હોસ્ટેલમાં રહીને ૯૭.૯૪ PR મેળવેલ છે. (૪). દાહોદનો વિદ્યાર્થી ભરવાડ યુવરાજ પરષોત્તમભાઈ સ્કૂલની હોસ્ટેલમાં રહીને ૯૭.૭૩ૈંઈ મેળવેલ છે. (૫). બનાસકાંઠાની વિદ્યાર્થીની પઢીયાર હિમાની દલપતભાઈ સ્કૂલની હોસ્ટેલમાં રહીને 94 PR મેળવેલ છેA1 ગ્રેડ સાથે ધોરણ ૧૦ ના બે વિદ્યાર્થીઓ. ધોરણ ૧૦ નું શાળાનું પરિણામ ૯૭.૨૯% તદુપરાંત તાજેતરમાં શનિવારના રોજ ધોરણ-૧૦ના બોર્ડના પરિણામમાં (૧) દાહોદનો વિદ્યાર્થી સતોલ પરેશ સ્કૂલની હોસ્ટેલમાં રહીને ૯૯ PR સાથે A1 ગ્રેડ મેળવેલ છે.

(૨) સુરતની વિદ્યાર્થીની તલાવિયા હેપ્પી સ્કૂલની હોસ્ટેલમાં રહીને ૯૮ PR સાથે A1 ગ્રેડ મેળવેલ છે.

ઉપરોક્ત તમામ વિદ્યાર્થી તેમના પરિણામનો શ્રેય તેમના માતાપિતા અને શ્રી વેદ ઇન્ટરનેશનલ સ્કુલ, સેક્ટર-૨૫ ના ચેરમેન શ્રી બાબુદાદા, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડો. ડી.બી પટેલસર, અને પ્રિન્સીપાલ શ્રી ડો.બેલા પટેલને તથા તમામ શિક્ષક મિત્રોને આપી રહ્યા છે.

# ડાંગ જિલ્લા આહવા ખાતે સમર સાયન્સ હોબી કેમ્પ શરૂ થયો

: આહવા:

ગુજરાત સરકારશ્રીના વિજ્ઞાન અને પ્રૌદ્યોગીકી વિભાગ, ગુજરાત સરકારની ગુજરાત કાઉંસીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, કચેરી, ગાંધીનગર પ્રેરિત પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેંન્દ્ર આહવા ડાંગ ખાતે તારીખ ૧૩ થી ૧૭ મે સુધી સમર સાયન્સ હોબી કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

ડાંગ સ્વરાજ આશ્રમના સભ્ય શ્રી કેતનભાઇ પટેલની અધ્યક્ષતામાં સમર સાયન્સ હોબી કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. આ



કાર્યક્રમમાં સેવાધામ આહવાના સામાજિક કાર્યકર શ્રી છગનભાઇ ચોર્યા ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

સમરસાયન્સ હોબી કેમ્પમાં પ્રયોશા જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના ફકોઓર્ડીનેટર શ્રી રતિલાલભાઇ સુર્યવંશીએ સહભાગીઓને કેમ્પના આયોજન વિશે જરૂરી માહિતી આપી હતી. સાયંસ કોમ્યુનિકેટર શ્રી સંજયભાઇ બાગુલ દ્વારા વિદ્યાર્થીઓને રોકેટ મોડેલ બનાવવાની રીત અંગે સમજણ આપી હતી. જે બાદ વિધ્યાર્થીઓએ જાતે જ રોકેટ બનાવ્યાં હતા.

કાર્યક્રમનું સમગ્ર સંચાલન શ્રી સંજયભાઇ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભાવનગર શહેર પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી લી. દ્વારા સભાસદોને ધિરાણ આપવામાં આવેલ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભાવનગરના શિક્ષકોની પ્રાથમિક મંડળીને મંજુરી મળ્યા બાદ ખુબ ટૂંકા સમયમાં મંડળી દ્વારા લ્હ્ઢ લેવાનું કાર્ય અને ત્યારબાદ સભાસદોને ધિરાણ આપવાનું કાર્ય કરવામાં આવ્યું છે. આ મંડળીમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના તમામ શિક્ષકો સભાસદ બની શકે છે. મંડળીના સ્થાપક મહેશભાઈ મોરી દ્વારા જણાવવામાં આવ્યું કે આગામી સમયમાં પ્રાથમીક મંડળી શિક્ષકોને વધારેમાં વધારે લાભ થાય તેવું કાર્ય કરશે.

ભાવનગર શહેર પ્રાથમીક શિક્ષક શરાફી સહકારી મંડળી લી. દ્વારા તા. ૧૩/૫/૨૪ ને સોમવારના રોજ ધિરાણ આપેલ છે. પ્રાથમિક મંડળીના પ્રમુખશ્રી મહેશભાઈ મોરી અને કારોબારી સદસ્યશ્રી ભરતભાઈ ભટ્ટ, કમલેશભાઈ ગોહિલ, પ્રવીણભાઈ ચુડાસમા, સંજયસિંહ સોલંકી અને નિરવભાઈ ચૌહાણ તથા મંડળી નું કાર્ય કરતાં ડો. રણજીતસિંહ ચૌહાણ અને નિરવભાઈ મેહતાની હાજરીમાં સભાસદોને ધિરાણના ચેક આપવામાં આવેલ. આ તકે સભાસદો દ્વારા પ્રાથમીક મંડળી માટે સમય આપી વેકેશનમાં પણ કાર્ય કરી રહ્યા છે તે માટે સમગ્ર ટીમનો આભાર વ્યકત કરેલ.


# ભાવનગર શહેર પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી લી. દ્વારા સભાસદોને ધિરાણ આપવામાં આવેલ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભાવનગરના શિક્ષકોની પ્રાથમિક મંડળીને મંજુરી મળ્યા બાદ ખુબ ટૂંકા સમયમાં મંડળી દ્વારા લ્હ્ઢ લેવાનું કાર્ય અને ત્યારબાદ સભાસદોને ધિરાણ આપવાનું કાર્ય કરવામાં આવ્યું છે. આ મંડળીમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના તમામ શિક્ષકો સભાસદ બની શકે છે. મંડળીના સ્થાપક મહેશભાઈ મોરી દ્વારા જણાવવામાં આવ્યું કે આગામી સમયમાં પ્રાથમીક મંડળી શિક્ષકોને વધારેમાં વધારે લાભ થાય તેવું કાર્ય કરશે. ભાવનગર શહેર પ્રાથમીક શિક્ષક શરાફી સહકારી મંડળી લી. દ્વારા તા. ૧૩/૫/૨૪ ને સોમવારના રોજ ધિરાણ આપેલ છે. પ્રાથમિક મંડળીના પ્રમુખશ્રી મહેશભાઈ મોરી અને કારોબારી સદસ્યશ્રી ભરતભાઈ ભટ્ટ, કમલેશભાઈ ગોહિલ, પ્રવીણભાઈ ચુડાસમા, સંજયસિંહ સોલંકી અને નિરવભાઈ ચૌહાણ તથા મંડળી નું કાર્ય કરતાં ડો. રણજીતસિંહ ચૌહાણ અને નિરવભાઈ મેહતાની હાજરીમાં સભાસદોને ધિરાણના ચેક આપવામાં આવેલ. આ તકે સભાસદો દ્વારા પ્રાથમીક મંડળી માટે સમય આપી વેકેશનમાં પણ કાર્ય કરી રહ્યા છે તે માટે સમગ્ર ટીમનો આભાર વ્યકત કરેલ.


# આધશક્તિ જનરલ હોસ્પિટલમાં અંબાજી અને જીસીએસ હોસ્પિટલ અમદાવાદ ના સંયુક્ત ઉપક્રમે કેમ્પ રાખવામાં આવ્યો



અંબાજી હોસ્પિટલમાં ફ્રી મેગા મેડિકલ કેમ્પ રાખવામાં આવેલ હતો જેમાં હૃદય રોગ,કિડની ના રોગ,હાડકાના રોગ,ચામડીના રોગ,તેમજ નાક કાન ગળાના સુપર સ્પેશિયાલિષ્ટ અને સ્પેશિયાલિષ્ટ ડૉક્ટર દ્વાર હોય કેમ્પમાં દર્દીઓને તપસ્યા હતા અને જરૂરી સારવાર કરી હતી દાંતા તાલુકા તેમજ અંબાજીની આજુબાજુના ટ્રાયબલ તેમજ જરૂરિયાતવાળા ૧૫૦ થી વધુ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો દર્દીઓએ અને તેમના સગા ઓ હોસ્પિટલની આવી ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી હતી અને હોસ્પિટલના ડોક્ટર અને સ્ટાફનો આભાર માન્યો હતો આ કેમ્પ ને સફળ બનાવવામાં આદ્યશક્તિ જનરલ હોસ્પિટલ ના અધિક્ષક ડોક્ટર યજુવેન્દ્ર મકવાણા અને ડૉ પિયુષ મોદી અને અન્ય ડોક્ટરો તેમજ નર્સિંગ ફાર્માસિસ્ટ તેમજ લેબોરેટરી અને એક્સ-રે અને વહીવટી સ્ટાફ અને અન્ય વર્ગ ત્રણ અને વર્ગ ૪ ના કર્મચારીઓએ આ કેમ્પને સફળ બનાવવામાં પોતાનો યોગદાન આપેલ હતો દર્દીઓએ હોસ્પિટલના સમગ્ર સ્ટાફનું હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને તેમની કામગીરીને બિરદાવી હતી




આજ રોજ જાયન્ટસ ગ્રુપ ઓફ કલોલના મનિષભાઈ કે. ગાંધી (મંત્રી) અને રાકેશભાઈ કે. પંડયા (પ્રમુખ) માર્ગદર્શન હેઠળ ગૌરવ સન્માન સમારોહ - ૨૦૨૪ ગુરુકુળ વિદ્યાલય કલોલ ખાતે યોજાયો. જેમાં દેશનું ઘડતર કરનારા ઘડવૈયાઓનુ ઉષ્મા ભર્યા સ્વાગત સાથે સંસ્થાના અગ્રણીઓ તથા સ્વામીજીના સાનિધ્યમાં દબદબાભેર શિક્ષકોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. ખૂબ સરસ ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો અને ગુજરાત ભરમાંથી ૧૦૦ શિક્ષકોને ગૌરવ પુરસ્કારમાં પ્રમાણપત્ર અને ટ્રોફી આપીને નવાજવામાં આવ્યા તેમજ પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ ગૌરવ પુરસ્કારમાં સુરતનાં શિક્ષિકા નયના જગદીશકુમાર સોલંકી "આંખો " નું શ્રી પુલકિત જોશી જેઓ મદદનીશ સચીવ, ગુજરાત અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના હસ્તે પુરસ્કાર અને ટ્રોફીથી સન્માન કરવામાં આવ્યું છે. જે ખરેખર પ્રશંસનીય છે. આ દેશની આન બાન અને શાન એ શિક્ષકો જ છે, જેથી તેમનું ગૌરવ એ જ દેશનું ગૌરવ ગણાય. નયના બેન જે. સોલંકી ને હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ.

# કીડીઓમાં સહજીવન અને સમજણ નું ઉત્તમ ઉદાહરણ :તેમાંથી પ્રેરણા મેળવીએ... રાજેશ જે ભાતેલિયા

★ક્યારેક ક્યારેક આવું જોવા મળી શકે છે.

વૃક્ષના પાન પર પાણીનું ટીપું... કીડીઓ પાણી પીવા માટે ભેગી થાય અને કીડીઓ ચાર જૂથોમાં વહેંચાયેલી જોવા પણ મળે તે કેટલું આશ્ચર્યજનક છે.

આમ પાંદડાનું સંતુલન જળવાઈ રહે અને પાણીનું ટીપું પણ પડતું નહિ અને બધા માટે સમાન હિસ્સો અને સંતુલન સુનિશ્ચિત કરવાનું કીડીનું વિજ્ઞાન છે..! નાના કીડામાં પણ સહજીવન અને સમજણનું કેવું ઉતમ ઉદાહરણ જોવા મળે છે..!!! ??★

★અને આપણે લોકો એકબીજાના પગ ખેંચતા રહેતા હોય છીએ અને બીજાની માનસિક સંતુલનને ખલેલ પહોંચાડવામાં આનંદ માણતા હોય છીએ અને મારી પાસે બધું જ હોવું જોઈએ એવી લાગણી આપણને ગુસ્સો અને નફરત તરફ દોરી જાય છે. અને આપણે પોતે પોતાનું સંતુલન ગુમાવી બેસતા રહેતા હોય છે★

★ તો જ્ઞાનીઓ કહે છે કે કીડી બનીને સાકર ખાવી જોઈએ. ????????★

કર્મનો સિદ્ધાંત યાદ રાખવાની જરૂર છે અને તેનો પ્રચાર પ્રસાર પણ વ્યાપક પ્રમાણમાં કરવાની જરૂર છે કુદરતી ડરવું જોઈએ

પર્યાવરણનું રક્ષણ કરીએ, પ્રદૂષણ ઘટાડીએ, વિવિધ પ્રકારના કેમિકલો અને પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરીએ

માનવતા ,સાદગી ,સારા સંસ્કારને મહત્વ આપીએ તેનો વ્યાપક પ્રમાણમાં ફેલાવો કરીએ

વરસાદી પાણીનું ટીપે ટીપુ બચાવીએ વરસાદી પાણીના ટીપા ટીપાને જમીનમાં ઉતારીએ

શક્ય હોય તો વૃક્ષારોપણ કરીએ અથવા કોઈ કરતું હોય તો મદદ કરીએ

ઔષધીય અને ફળ આપતા વૃક્ષો અચૂક વાવીએ

થઈ શકે એટલા સારા કાર્ય કરતા રહીએ

રાજેશ જે ભાતેલિયા
પ્રમુખ
નેશનલ યુથ પ્રોજેક્ટ રાજકોટ યુનિટ રાજકોટ

# ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ ધારાસભ્ય શ્રી રત્નાબાપા ઠુંમરને ડો.વલ્લભભાઈ કથીરિયાની શ્રદ્ધાંજલિ

સૌરાષ્ટ્રના બિલખાના વતની અને મેંદરડા માળિયા ધારાસભા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ કાર્યકર્તા શ્રી રત્નાબાપા ઠુંમરના દુઃખદ અવસાન થી ડો.વલ્લભભાઈ કથીરિયાએ શોકની લાગણી વ્યક્ત કરી છે અને તેમના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચીર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી છે.

મૂલ્ય નિષ્ઠ રાજનીતિમાં માનનારા અને સાદાઈ પૂર્વક જીવન જીવનારા વર્ષોથી સમાજ સેવા અને ગ્રામ સેવામાં કાર્યરત શ્રી રત્નાબાપા ઠુંમર ભારતીય જનતા પાર્ટી માટે એક આદર્શ વ્યક્તિત્વ હતા અને ખરેખર પાર્ટી ની મૂડી હતા. તેઓએ જીવનભર ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રવાદી વિચાર અને દેશ સેવાના સંકલ્પ સાથે સમાજ જીવનમાં ગરીબ અને બહેનોના કલ્યાણ , શિક્ષણ, ગૌ સેવા કે જરૂરીયાત મંદ પરિવારોને અનાજ વિતરણ હોય જેવા કાર્યો સતત કરતા રહીને અનેક યુવાનોને પ્રેરણા આપી છે. સમગ્ર જીવન રાષ્ટ્ર સેવામાં અર્પણ કરીને જનસંઘ અને ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને વળગી રહેલા શ્રી રત્નાબાપા ઠુંમર આપણા સૌ માટે આદર્શ મુકતા ગયા છે. આવો આપણે તેમના સપનાના ભવ્ય અને દિવ્ય ભારતના સંકલ્પ પૂર્ણ કરવા તેમના જીવનમાંથી પ્રેરણા લઈને કર્મશીલ બનીએ અને રાષ્ટ્ર સેવામાં વધુમાં વધુ યોગદાન આપીએ એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.



સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદ ઝોન હેઠળની પ્રથમ મહિલા શાખાનું ઉદ્ઘાટન ૧૪ મે ૨૦૨૪ ના રોજ માનનીય ઝોનલ હેડ સુશ્રી કવિતા ઠાકુર દ્વારા કરવામાં મા આવ્યું.

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદ ઝોન હેઠળની પ્રથમ મહિલા શાખાનું ઉદ્ઘાટન ૧૪ મે ૨૦૨૪ ના રોજ માનનીય ઝોનલ હેડ સુશ્રી કવિતા ઠાકુર દ્વારા કરવામાં મા આવ્યું. ગાંધીનગર જીલ્લા મા આવેલી ઉવારસાદ શાખા ને મહિલા શાખા તરીકે ઉદઘાટન પ્રસંગે પ્રાદેશિક વડા ગાંધીનગર શ્રી ચંદનકુમાર ઝા, આસિસ્ટન્ટ જનરલ મેનેજર ઝોનલ ઓફિસ સુશ્રી નરેશ બત્રા ઉપસ્થિત રહ્યા હતા. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા મહિલાઓ માટે વિશેષ લોન યોજનાઓ ચલાવવામાં આવી રહી છે અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા મહિલાઓના હિતને ધ્યાનમાં રાખીને આ શાખા શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે ઝોનલ હેડ સુશ્રી.કવિતા ઠાકુરે ઉપસ્થિત સૌને અભિનંદન પાઠવ્યા હતા અને આ શાખાની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

# પોતાની ખામીઓ ને સુધારો-સંત રાજીન્દર સિંહજી મહારાજ

દરેક ક્ષણે બદલાતી આ જિંદગીમાં આપણે બહુ જ લોકોથી મળીએ છીએ અને બહુ જ મુશ્કેલીઓનો સામનો કરીએ છીએ. જો આપણે આપણા મનને ખુલ્લું છોડી અને દરેક બીજા માણસ ના વચનો અને કાર્યો પર ટીકા ટિપ્પણી કરવા દઈએ તો આપણે તે ટેપ રેકોર્ડર જેવા બનીશું કે જે દરેક ઘટનાને વારંવાર સંભળાવે છે. આપણો દરેક શ્વાસ કીમતી છે જો આપણે તેને ફક્ત બીજાની આલોચના કરવામાં વ્યતીત કરી દઈશું તો આ જિંદગી બરબાદ થઈ જશે. અને પછી કોણ જાણે કે આવતી જિંદગીમાં આપણે શું બનીશું? પ્રભુએ



આપણને દરેક બીજા મનુષ્યની આલોચના કરવાની નોકરી નથી આપી. આપણે તો આપણી પોતાની આલોચના કરવી જોઈએ.

આપણે આપણા બધા ખરાબ વિચારો, વચન અને કાર્ય નો ત્યાગ કરીને પોતાની અંદર સદગુણો ધારણ કરીએ. આપણે આપણી બીજાની ભૂલો અને ખામીઓ તરફ સહાનુભૂતિથી દેખાવું જોઈએ જેવી રીતે કે જ્યારે એક શિશુ અથવા નાનું બાળક ભૂલ કરે છે તો આપણે તેની નિંદા કરતા નથી.

જો આપણે આપણી રોજબરોજની જિંદગીમાં બીજા પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ને અપનાવી શકીએ તો આપણે જોઈશું કે પ્રભુ આપણાથી ખુશ છે અને વધારે થી વધારે પોતાની દયા વરસાવે છે. પછી આપણે આપણી ચારો તરફ ના લોકો માટે શાંતિ અને પ્રેમનો સ્ત્રોત બની જઈશું. જેનાથી આપણી ઉન્નતી ઝડપી થશે અને આપણામાં બીજા બધા સદગુણો પણ આવતા જશે.

જો આપણામાંથી દરેક મનુષ્ય આ મહાન લક્ષ્યને મેળવી શકે તો આપણે આ ધરતી સુવર્ણ યુગમાં પહોંચી જશે જેમાં કોઈ યુદ્ધ અને લડાઈ થશે નહી. આપણે એવા સંસાર મેળવી શકીશું જેમાં દરેક મુશ્કેલી અને ઝઘડા નું સમાધાન શાંતિપૂર્ણ થશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.